ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને યોજનાઓ માટે રૂ.૧૮૩.૩૩ કરોડની ગ્રાન્ટ ફાળવવા બાબત. સને ૨૦૨૦-૨૧

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૨૦૧૮-ન.બા.-૬૭-અ.૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ-૧૩/૦૮/૨૦૨૦

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની બજેટ શાખાનો તા.૩૦/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૩/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./ ૨૦-૨૧/૧૧૨૨-૨૩

**આ મુ ખ :-**

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) સામેના આ વિભાગના તા.૩૦/૦૫/૨૦૨૦ ના ઠરાવથી નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને લોન પેટે કુલ રૂ.૫૦૦.૦૦ કરોડ (અંકે રૂપિયા પાંચસો કરોડ પૂરા)ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) આગળના તા.૧૩/૦૭/૨૦૨૦નાં પત્રથી નિગમની માંગણી મુજબ રૂ.૫૦૦.૦૦ કરોડ (અંકે રૂપિયા પાંચસો કરોડ પૂરા)ની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :-**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓ માટે કુલ ૧૮૩.૩૩ કરોડ સદરહું નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શ ર તો :-**

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. ઉપર્યુક્ત લોનની રકમની ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારને પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગેની ચૂકવણીની વિગતો તૈયાર કરી નાણા વિભાગ/જાહેર સાહસ બ્યુરોની મંજૂરી અર્થે રજુ કરવાની રહેશે.

૭. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર-૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર હેઠળની લોન અને અન્ય કમાણી હેઠળ, પેટા સદર- ૦૧ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ નાણાં વિભાગની તા.૦૭/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- રેસિડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ લિ., બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૦.